# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ**–(૧) અત્રેની કચેરીના તા.૧૬.૦૪.૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ/ રજી / એડીએમ.૩–૩/ RTI ત્રિ.માહિતી/ ૪૭૫૦–૮૯૭/ ૨૦૧૪.

(૨) અત્રેની કચેરીના તા.૧૬.૦૪.૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ/ રજી / એડીએમ.૩–૩/ RTI/ ૬૨૬૭–૬૩૩૬/ ૨૦૧૪.

**માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળની જોગવાઈઓના ચૂસ્ત પાલન કરવા બાબત...**

**–:: પરિપત્ર ::–**

અત્રેની કચેરીના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ નં. – (૧)ના પરીપત્ર થી દર ત્રિમાસિક સમયની (જાન્યુઆરી થી માર્ચ, એપ્રિલ થી જુન, જુલાઈ થી ઓગષ્ટ અને સપ્ટેમ્બર થી ઓકટોબર) માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની માહિતી મોકલવા જણાવેલ છે. હાલ ***એપ્રિલ–૨૦૧૪ થી જુન–૨૦૧૪*** સુધીની ત્રિમાસિક માહિતી ૫ મી જુલાઈ સુધીમાં અત્રે મોકલવાની હતી પરંતુ આજ દિન સુધી ઉકત માહિતી મોટાભાગની કચેરીઓની મળવામાં નથી. જે યુનિવર્સિટીના જાહેર કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારીઓની નિષ્કાળજી દર્શાવે છે. અત્રેથી વારંવાર જણાવવા છતાં પણ આ કચેરીના પરિપત્રો / પત્રોની અવગણના કરવામાં આવે છે. જે થી માંગવામાં આવેલ વિગતો અત્રે મળતી નથી એમ અનુભવે જાણવા મળ્યું છે. આથી હવે વધુ વિલંબ ન કરતા તાત્કલીક માહિતી મોકલવા જણાવવામાં આવે છે. જો માહિતી "નીલ" હોય તો પણ નિયત પત્રક–૫ અને પત્રક–૬ માં મોકલવાની રહેશે. ***સદર માહિતી ફકત regiadm3.3@nau.in પર જ મોકલવી. તેમજ હાર્ડ કોપીમાં માહિતી મોકલવી નહી.***

વધુમાં અત્રેની કચેરીના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ નં. – (૨)ના પરીપત્ર થી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૪(૧)(ખ) ની જોગવાઈ મુજબ મુદ્દા નં. ૧ થી ૧૭ની માહિતી દર વર્ષે ૧–મે ની સ્થિતિએ દરેક જાહેર માહિતી અધિકારીશ્રીઓએ સ્વયં જાહેર કરવાની બાબતો(પ્રોએકિટવ ડીસ્કલોઝર) (P.A.D.)ની અદ્યતન માહિતી તૈયાર કરી ઈન્ટરનેટ પર પ્રસિધ્ધ કરવાની રહેશે. અને વર્ષ દરમ્યાન કોઈપણ ઈવેન્ટ હોય તો તેને અદ્યતન કરવાની જવાબદારી જે તે જાહેર માહિતી અધિકારીશ્રીઓની રહેશે. તેમજ અત્રેથી નિમવામાં આવેલ અપીલ અધિકારીશ્રીઓએ તેમના જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફથી પ્રસિધ્ધ કરેલ પ્રોએકિટવ ડીસ્કલોઝર (P.A.D.) નું ઈન્સ્પેકશન–કમ–ઓડીટ કરવાનું રહેશે. અને તે અંગેની જાણ અત્રે કરવા જણાવેલ તેમ છતાં મોટાભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓએ સદર કાર્યવાહી કરેલ નથી એમ અનુભવે જાણવા મળ્યું છે. તો સમયસર માહિતી મોકલી આપવી અન્યથા આપની કચેરી તરફથી અત્રે માહિતી ન મળવાથી સરકારશ્રીમાં માહિતી મોકલવામાં જો વધુ વિલંબ થશે તો તે અંગેની નિષ્કાળજી બાબતે સરકારશ્રી તરફથી જો કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી જે તે જાહેર માહિતી અધિકારીશ્રી તથા વિભાગના વડાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

આ પરિપત્રનો અમલ ચુસ્ત પણે કરવાનો રહેશે.

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/RTI ત્રિ.માહિતી/** ૮૧૯૩–૮૨૨૨ **/૨૦૧૪.**

**નવસારી.** **તારીખઃ૧૫/૭/૨૦૧૪.**

**ઈ/ચા.કુલસચિવ**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.

૨. નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.